# ૨૦ માર્ચ- વિશ્વ ચકલી દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સીટીના પક્ષી વિભાગ દ્વારા હેડ ઓફ ઓફીસના માર્ગદર્શન નીચે વિવિધ પ્રાથમિક શાળાએ તારીખ ૨૦-૦૩-૨૦૧૮ ના રોજ ચકલી દિનની ઉજવણી કરવામાં આવી. વઘાસી ખાતે ડો. આર. એમ. પટેલ, ડો. એચ. એસ. વર્મા દ્વારા, હાડગુડ અને જહાંગીરપુરા ખાતે ડો. જે. જી. દુલેરા, શ્રી. એ. એચ. નાયી અને શ્રી. કે. સી. બાંભણીયા દ્વારા વિશ્વચકલી દિન ની મહત્તા તેમજ વિદ્યાર્થીઓને આ દિવસે ચકલી બચાઓ અભિયાનમાં જોડાવા પ્રેરિત કરતો સંદેશો તેમજ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

આ દિવસે હાથ ધરેલ કાર્યક્રમમાં ચકલીના માળા વિતરણ, પુંઠાના માળા બનાવવાની રીત તેમજ તેને યોગ્ય જગ્યાએ ગોઠવવા વિષે માહિતી સભર માર્ગદર્શન આપેલ. તેમજ બાળકોને કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેરિત કરવા ચોકલેટનું વિતરણ કરી, શાળાના આચાર્યો તેમજ શિક્ષકગણનો કાર્યક્રમમાં સહકાર બદલ આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ.





**વઘાસી પ્રાથમિક શાળા ખાતે માળાનુ વિતરણ તેમજ પ્રસંગમા ભાગ લેનાર વિદ્યાર્થીગણ**




પ્રસંગમાં ભાગ લેનાર હાડગુડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીગણ તેમજ ચકલી દિનની મહત્તા વિશે માર્ગદર્શન આપતા પક્ષીશાસ્ત્ર  વિભાગના કર્મચારીગણ





પ્રસંગમાં ભાગ લેનાર જહાંગીરપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીગણ તેમજ ચકલી દિનની મહત્તા વિશે માર્ગદર્શન આપતા પક્ષીશાસ્ત્ર વિભાગના કર્મચારીગણ